આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૩૬ | ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૪, સોમવાર; મહા વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

હારને શણગારવાના મોહમાં
ને મોહમાં.. ખેલતો રહેતો
સદા હું જીંદગીની ચોપાટને
- અનિલ ચાવડા

# જિલ્લાની ૧૨૦ પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવ

## આગામી ૧, ૨ માર્ચે યોજાનાર ગુણોત્સવમાં રાજ્યના અધિકારીઓ-પદાધિકારીઓ દ્વારા મૂલ્યાંકન કરાશે : ૬૦ રૂટ મૂલ્યાંકન અધિકારીઓ માટે તૈયાર કરાયા

ગાંધીનગર, તા. ૧૬

પ્રાથમિક શાળાઓમાં દ્વિદિવસીય ગુણોત્સવ આગામી ૧લી અને ૨ જી માર્ચે યોજવામાં આવશે. માધ્યમિક શાળાના ગુણોત્સવ બાદ હવે પ્રા. શાળાઓમાં ગુણોત્સવને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

ગાંધીનગર જિલ્લાની ૬૩૪ પ્રા. શાળાઓને આવરી લેતા ગુણોત્સવ માટે જિલ્લાતંત્રએ ૬૦ રૂટ બનાવ્યા છે. આ ગુણોત્સવમાં રાજયના ઉચ્ચ અધિકારીઓ, જિલ્લાના અધિકારીઓ તથા પદાધિકારીઓ દ્વારા બાળકોનું મૂલ્યાંકન કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે આ ગુણોત્સવમાં જિલ્લાની ૨૦ ટકા શાળાઓને આવરી લેવામાં આવનાર છે. જો કે આ વખતે ગુણોત્સવમાં મૂલ્યાંકન સરપ્રાઈઝ રીતે કરવામાં આવનાર હોવાથી કઈ શાળામાં મૂલ્યાંકન થશે તે નિશ્ચિત નથી. આથી જિલ્લાની તમામ શાળાઓએ આ માટે તૈયારી કરવાની રહેશે. જો કે રોજની બે શાળાઓમાં જ મૂલ્યાંકન કરવામાં આવશે.

ગુણોત્સવ પૂર્વે દરેક શાળાઓએ સ્વમૂલ્યાંકન કરી અને તેનો અહેવાલ પણ તૈયાર કરવાનો રહેશે. ધો. ૨ થી ધો. ૮ના બાળકોને આ ગુણોત્સવના મૂલ્યાંકનમાં આવરી લેવામાં આવનાર છે.

આગામી ૨૦મી ફેબ્રુઆરીના રોજ જિલ્લામાં ગુણોત્સવની તૈયારી અંગે માર્ગદર્શન આપવા અંગે તમામ પ્રા. શાળાના મુખ્ય શિક્ષકોની એક મહત્વની બેઠક પણ ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજવામાં આવી છે. આ ગુણોત્સવમાં સ્વૈચ્છીક સંસ્થાઓને પણ સાંકળવામાં આવનાર છે.

ગુણોત્સવનું મૂલ્યાંકન બે અલગ અલગ વિભાગોમાં થશે. ધો. ૨ થી ૫ માં વાંચન ગણન અને લેખનનું મૂલ્યાંકન કરવામાં આવશે. જ્યારે ૬ થી ૮માં તમામ વિષયોનું અલગથી મૂલ્યાંકન કરવામાં આવશે. આ અંગે મૂલ્યાંકન માટેના પ્રશ્નપત્રો રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવનાર છે.

આ પ્રશ્નપત્રોની ઉત્તરવહીઓનું મૂલ્યાંકન ઓ.એમ.આર. પદ્ધતિથી કરવામાં આવનાર છે. વાંચન-લેખન-ગણન અને મૂલ્યાંકનના પરિણામોને આધારે શાળાઓને ગ્રેડમાં વિભાજીત કરવામાં આવશે અને તેને આધારે જિલ્લામાં પ્રાથમિક શિક્ષણના સ્તર નિયત કરાશે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨ ૨મી

● અનુસંધાન પાન-૭ પર





મોસમ વાર્ષિકોત્સવની - કે.જી. થી પી.જી. સુધીની શાળા-મહાશાળાઓ આજકાલ વાર્ષિકોત્સવ કાર્યક્રમોમાં ઓતપ્રોત છે... ખાસ કરીને ગાંધીનગરની નાની-મોટી તમામ શાળાઓ બાળકોને મંચ અને માહોલ આપી રંગારંગ કાર્યક્રમ યોજે છે... નાના-નાના ભૂલકાઓ મંચ આવી કાલીઘેલી ભાષામાં નૃત્ય અને અભિનય રજૂ કરે છે ત્યારે સૌને આવતીકાલના અણસારની અનુભૂતિ થાય છે.... નગરની પ્રિ-પ્રાયમરી બડ્સ પ્લેગૃપ દ્વારા યોજાયેલ બોલીવુડ ડાન્સ ધમાકા કાર્યક્રમમાં બાળકોને મસ્તીથી પ્રસ્તુતિ કરી હતી. (તસવીર : દિપક જાની)

# નિવૃત્તિની વય મર્યાદા ૬૦ વર્ષ કરવાના સંકેતો

## આગામી ચૂંટણી પૂર્વે જાહેરાતની શક્યતા : વિધાનસભાની સત્ર સમાપ્તી બાદ કર્મચારી સંગઠ્નો અને સરકાર વચ્ચે બેઠકનો તખ્તો ઘડાઈ રહ્યો છે

ગાંધીનગર, તા.૧૬

સરકારી કર્મચારીઓની નિવૃત્ત વય મર્યાદા ૫૮થી વધારીને ૬૦ની કરવા માટે રાજય સરકાર દ્વારા લોકસભાની ચૂંટણી પૂર્વે મહત્વની જાહેરાત કરવામાં આવે તેવી શકયતાના નિર્દેશો સચિવાલયના વિશ્વસનીય સૂત્રોમાંથી મળી રહ્યા છે.

મળતી વિગતો મુજબ વિધાનસભાના સત્ર સમાપ્તી બાદ તુરત જ કર્મચારી સંગઠ્નો સાથે તેમના પડતર પ્રશ્નો અંગે ચર્ચા માટે બેઠક યોજવામાં આવશે અને તેમાં ચર્ચાઓને અંતે આ અંગે જાહેરાત કરવામાં આવે તેવી શકયતાઓ છે.

કર્મચારી આલમમાં થઈ રહેલી ચર્ચા મુજબ રાજય સરકાર કેટલીક શરતોને આધીન નિવૃત્તિની વયમર્યાદા વધારવાની દિશામાં વિચારણા કરી રહેલ છે. જેમાં ૫૮ વર્ષ બાદ કર્મચારીને વાર્ષિક ઈજાફો નહિ અપાય પરંતુ તેની નિવૃત્તિની આ મર્યાદા ૬૦ની રહેશે. આમ ૫૮ વર્ષની વયે જ જે પગાર હશે તેને આધારે જ પેન્શન નિયત કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ચાલુ વર્ષે અને આગામી વર્ષે સરકારી કર્મચારીઓની નિવૃત્તિનું પ્રમાણ ઘણું મોટું હોવાથી સરકાર પણ ચિંતીત બની છે. અને સરકારી કામકાજ પર વિપરીત અસરો ના પડે તે માટે પાણી પહેલાં પાળ બાંધવાનું સરકાર વિચારી રહી છે.

રાજય સરકાર કર્મચારી સંગઠ્નો સાથે તેના પડતર પ્રશ્નોમાંથી બે થી ત્રણ જેટલા મુદ્દાઓ પર સહમતિ ઉભી થાય તેવી શકયતાઓ છે. જો કે કર્મચારી સંગઠ્નો પણ પગાર પંચની વિસંગતતાઓ સહિતના ઘણા બધા મુદ્દા રજુ કરવાના મૂડમાં છે.

સરકાર સત્રસમાપ્તી બાદ સંગઠ્નો સાથે બેઠક યોજશે અને તે માટે હાલ અધિકારી કક્ષાએ કવાયતો ચાલી રહી છે. ખાસ કરીને કર્મચારી સંગઠ્નોએ અગાઉ જે પ્રશ્નો રજુ કર્યા છે તેમાંથી કેટલાક પ્રશ્નોને અલગ તારવી કવાયત કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

સચિવાલય કેડર તેમજ જિલ્લાની કેટલીક કેડરોમાં જે પગારની વિસંગતતાઓ છે તે માટે અલાયદી સમિતની રચના કરવાની ફોર્મ્યુલા તૈયાર કરવામાં આવી છે અને આ સમિતિ તેનો અહેવાલ બે માસમાં જ આપશે જેના પર સરકાર નિર્ણય કરશે તેવી હૈયાધારણ અપાશે.

મેડીકલ એલાઉન્સ, કર્મચારીઓ માટે ખાસ વિમા કવચ સહિતની બાબતોનો પણ સમાવેશ થતો હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત હવે પાંચ દિવસનું સપ્તાહ કરવામાં આવે તેમજ રહેમરાહે નોકરીના કેસોમાં આવક મર્યાદા દૂર કરવા સહિતની બાબતો પર સંગઠ્નો સાથે વિચારવિમર્શ કરવામાં આવશે.

કર્મચારી સંગઠ્નો સાથે ઉચ્ચતર પગાર ધોરણની સમય મર્યાદા અંગે પણ ચર્ચાઓ થાય તેવા સંકેતો છે.

સરકારે બીજી તરફ ફિકસ કરાર પગાર આધારિત કર્મચારીઓની ભરતીમાં વેગ લાવવા માટેની કામગીરી પણ વધુ વેગીલી બનવી છે. તાજેતરમાં આવી ભરતીના ઘણી બધી કેડરોમાં ઓર્ડર થયાનું પણ જાણવા મળ્યું છે.



અમદાવાદમાં યોજાયેલી અનોખી કાર ડ્રાઈવ રેસમાં મોટી સંખ્યામાં પ્રજ્ઞાચક્ષુઓએ ભાગ લીધો હતો. આંતરિક શક્તિ માત્ર જીવન સંચાલનમાં નહિ પણ જાહેર માર્ગો પર કાર ડ્રાઈવ કરવા જેવી પડકારજનક પ્રવૃત્તિઓમાં પણ પ્રજ્ઞાચક્ષુઓ સફળતાપૂર્વક ભાગ લે છે...

# જનસેવા કેન્દ્રોમાં અપાતી સેવા પૈકી ૧૩ સેવાઓના ચાર્જ વસુલવામાં નહી આવે

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યમાં આવેલ જનસેવા કેન્દ્રો પર આપવામાં આવતી સેવાઓ પૈકીની ૧૩ જેટલી સેવાઓ પેટે વસુલવામાં આવતી ચાર્જ દૂર કરીને આ ૧૩ સેવાઓને ચાર્જમાંથી મુક્તિ આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકારે નાગરિકોની ફરિયાદો અરજીઓનો સમય મર્યાદામાં નિકાલ કરવા તથા વહીવટીતંત્રને વધુ અસરકારક લોકાભિમુક અને પારદર્શી બનાવવાના ઉદ્દેશથી રાજ્યમાં નાગરિક અધિકાર પત્ર કાર્યક્રમ અમલમાં મુકેલ છે. તથા નાગરિક અધિકાર પત્ર કાર્યક્રમ અંતર્ગત કચેરીઓની મુલાકાતે આવતા નાગરિકોની સુવિધા માટે જનસેવા કેન્દ્રો ઉભા કરવામાં આવેલ છે.

નાગરિક અધિકાર પત્ર કાર્યક્રમ અંતર્ગત તાલુકાકક્ષાનું વહીવટીતંત્ર પણ વધુ સુદઢ બને નાગરિકોની ફરિયાદો અરજીઓનો સમય મર્યાદામાં નિકાલ થાય તથા વહીવટી તંત્ર વધુ લોકાભિમુખ બને તે માટે રાજ્યમાં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકોની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત જનસેવા કેન્દ્રમાં જુદા જુદા વિભાગોની સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે.

જનસેવા કેન્દ્રમાં રોજબરોજની આવશ્યક ચીજવસ્તુની જરૂરિયાતોના વહીવટી ખર્ચને પહોંચી વળવા તેમ જ જનસેવા કેન્દ્રોનું સંચાલન સુગમ રીતે થાય તે આશયથી જનસેવા કેન્દ્રોમાં નાગરિકોને આપવામાં આવતી સેવાઓ માટે અરજદાર દીઠ અરજીદીઠ રૂ. ૨૦ નાગરિકો પાસેથી સેવા ચાર્જ તરીકે વસુલ કરવામાં આવે છે.

જનસેવા કેન્દ્રમાં આપવામાં આવતી ૧૩ જેટલી સેવાઓનો હેતુ ફક્ત સહાય કરવાનો છે. આ બાબતને વિચારણામાં લઈ જન સેવા કેન્દ્ર દ્વારા આપવામાં આવતી સેવાઓ પૈકી આર્થિક પછાત નિરાધાર કે વિધવા અરજદારોને સહાયરૂપ થાય તેવી સેવાઓને સેવા ચાર્જ ચુકવવામાંથી મુક્તિ આપવાનો સરકારે નિર્ણય કર્યો છે.

### કઈ સેવાઓને ચાર્જમાંથી મુક્તિ

- વિધવા હોવા અંગેનું પ્રમાણપત્ર
- વિધવા સહાય અંગેનું સોગંદનામુ
- નિરાધાર વૃદ્ધોને સમાજ સુરક્ષા યોજના હેઠળ સહાય આપવા
- ઈંદિરા ગાંધી નેશનલ ઓલ્ડ એઈડ પેન્શન યોજના અને વયવંદના યોજના
- નિરાધાર વૃદ્ધો અને નિરાધાર અપંગોના નિભાવ માટેની યોજના
- રાષ્ટ્રીય કુટુંબ યોજના
- અંત્યોષ્ઠી સહાય
- મફત તબીબી સહાય
- રાષ્ટ્રીય આફત મૃત્યુ સમયે ચુકવણું
- કુદરતી આફત મૃત્યુ સમયે ચુકવણું
- રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ કુદરતી અકુદરતી મૃત્યુ સહાય.







